# માનવ સેવામાં પ્રમુખ સ્વામી મહારાજનું અનેરૂ યોગદાન છે

## પ્રમુખ સ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ : ગુજરાત અને દેશને પ્રમુખ સ્વામીએ વિશ્વમાં ગૌરવ અપાવ્યું છેઃ નીતિન પટેલ

અમદાવાદ, તા.૨૨

નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ જણાવ્યું છે કે, બ્રહ્મલીન પરમપૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજે ભારતીય સંસ્કૃતિ સહિત માનવસેવાના ઉમદા કાર્યને વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત કરી ગુજરાત અને દેશને ગૌરવ અપાવ્યું છે. તે આપણા માટે ગૌરવ સમાન છે.

આજે ગુજરાત વિધાનસભા ખાતે શોક દર્શક ઉલ્લેખોમાં બ્રહ્મલીન પ્રમુખ સ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ અર્પતા પટેલે ઉમેર્યું કે, ગુજરાત વિધાનસભાએ આજે અનોખી પ્રણાલી પાડીને પ્રમુખ સ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ અર્પી છે, તે ઐતિહાસિક દિને હું સદગતને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પુ છું. તેમણે ઉમેર્યું હતું કે, બ્રહ્મલીન પ્રમુખસ્વામી મહારાજે તમામ ધર્મો અને વ્યવસાય સાથે સંકળાયેલા લોકોમાં ગુજરાતી અને ભારતીય તરીકે આપણને અનેરુ વ્યક્તિત્વ પુરુ પાડ્યું છે. તેમના વ્યક્તિત્વ અને સમાજ ઉપરની છાપ ગુજરાત પુરતી સમિત ન હતી, દુનિયાના અનેક દેશોના વડા પ્રધાન, પોપ, સહિત વિવિધ ધર્મ સંસ્થાના વડાઓએ પણ બાપાને શ્રદ્ધાંજલિ આપી હતી. પૂજ્ય બાપાની માનવસેવાની પ્રવૃત્તિથી દુનિયા પ્રભાવિત હતી. પૂજ્ય બાપાએ પ્રવચનો અને કામોની લાખો લોકોને સમાજ સેવામાં જોડીને ભારતીય સંસ્કૃતિને વિશ્વ કક્ષાએ પહોંચાડી છે. વિજ્ઞાન અને ધર્મને સાથે જોડાવનું અનેરૂ કામ તેઓએ કર્યુ છે. બાપાએ અદ્યતન મંદિરો બાંધવાની સાથે માનવસેવાનું ઉમદા કાર્ય પણ કર્યુ છે. ભારતના મિસાઈલમેન ડૉ.અબ્દુલ કલામે પણ તેમની મુલાકાતોમાં તેમના પરમ ભક્ત બન્યા હતા અને તેમની સેવાઓની નોંધ તેમના પુસ્તકોમાં લઈને વિવિધ ભાષામાં પુસ્તકો લખ્યા છે. તે દેશ વિદેશમાં પ્રચલિત બન્યા છે.

તેમણે પૂજ્ય પ્રમુખ સ્વામીબાપાના માનવસેવાના ઉમદા કાર્ય અંગે ઉલ્લેખ કરતાં કહ્યું કે, જ્યારે ગુજરાતમાં વિનાશક ભૂકંપ આવ્યો, ત્યારે બીએપીએસ સંસ્થાના વડા પૂજ્ય બાપાએ ભૂજમાં તેમના સ્વયંસેવકો સાથે હિંમતપૂર્વક મારી સાથે રૂબરૂ આવીને જે કામ કર્યું છે, તે ખરેખર અભિનંદનીય હતું.

## રમણલાલ વોરાનો શુભેચ્છા સમારોહ યોજાયો

રમણલાલ વોરાને વિધાનસભા ગૃહના અધ્યક્ષ તરીકે વરણી થતા તેમને શુભેચ્છા આપવાનો સમારોહ યોજાયો હતો. જેમાં ગુજરાતભરમાંથી માનવ મહેરામણ ઉમટી પડી રમણલાલ વોરા તુમ આગે બઢો હમ તુમારે સાથ હૈ જેવા સૂત્રોચ્ચાર કરી વાતાવરણ ગજવી મુક્યું હતું. ત્યારબાદ રેલી આકારે રમણલાલ વોરાને વિધાનસભા ગૃહ તરફ દોરી જવામાં આવ્યા હતા. વિધાનસભા ગૃહના અધ્યક્ષને સન્માનવાનો આ પ્રથમ બનાવ છે અને તેને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ મધુકર પરમારે ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.



બાબા સાહેબને વંદન : ગુજરાતના વિધાનસભાના નવનિયુક્ત અધ્યક્ષ શ્રી રમણલાલ વોરાએ પદભાર સંભાળતા પૂર્વે બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને વંદન કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ સમયે સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી આત્મારામભાઈ પરમાર તથા સંસદીય સચિવ પૂનમભાઈ મકવાણા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજમાં આંગવાડીઓના પ્રવેશદ્વારો પર જ જીવલેણ ભૂવા

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલા બે આંગણવાડીઓ આગળ જીવલેણ ખાડો અને ભૂવો પડી ગયો છે. તંત્રમાં રજુઆત કરવા છતાં તંત્ર ઘોર નિંદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. આંગણવાડીના મુખ્ય પ્રવેશ દ્વાર આગળ પણ છેલ્લા કેટલાય દિવસથી ગેટ આગળ મોટો ભુવો પડ્યો છે અને અંકિતા કન્સલ્ટન્સીમાં રજૂઆતો કરવા છતાં પડેલા ભૂવામાં પુરાણ કામ કરવામાં આવતું નથી. ત્યારે કોઈનો વ્હાલસોયો અકસ્માતનો ભોગ બને તો નવાઈ નહી. ત્યારે તંત્ર દ્વારા આળસ ખંખેરીને આવા કોન્ટ્રાક્ટરો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવું હાલ તો સ્થાનિક રહિસો જણાવી રહ્યાં છે. હાલ તો ચલતા હે હોતા હે ની સ્થિતિ પેદા થઈ છે. હવે જોવાનું એ રહ્યું કે આ બન્ને આંગણવાડી આગળ પડેલ ભૂવો અને ખોદકામ દ્વારા કરવામાં આવેલ ખાડાઓ પુરવાનું મુહર્ત કયા પંડિત જોડે અંકિતા કન્સલ્ટન્સી દ્વારા કરાવવામાં આવશે અને ખાડો અને ભૂવો ક્યારે પુરાશે એ હવે જોવાનું રહ્યું.



પ્રાંતિજ રેલવે સ્ટેશન નાળીયા વિસ્તારમાં આવેલ આંગણવાડીના મુખ્ય પ્રવેશ દ્વારા ઉપર અંકિતા કન્સલ્ટન્સી દ્વારા ગટર લાઈનને લઈને ખોદવામાં આવેલ ખાડો એક મહિના પછી પણ આજે પણ પુરવામાં ન આવતા આંગણવાડી કાર્યકર અને સુપરવાઈઝર દ્વારા તંત્રમાં રજુઆતો કરવા છતાં તેને પુરવામાં આવ્યો નથી. ત્યારે બીજી બાજુ પણ અંકિતા કન્સલ્ટન્સી દ્વારા ભાંખરીયા ટેકરા પાસે આવેલ



## આર.એન. પટેલ પ્રા. શાળામાં નંદમહોત્સવ ઉજવાયો

ગાંધીનગરના સે. ૨૩માં શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં આજે નંદ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય દશરથભાઈ પટેલે તથા શાળા પરિવાર તથા ધો. ૧ થી ૮ના વિદ્યાર્થીઓએ કૃષ્ણજન્મ મહોત્સવ રંગે ચંગે ઉજવ્યો હતો. ઢોલ નગારા સાથે ખેલૈયાઓ અને બાળકૃષ્ણ બનેલા વિદ્યાર્થીએ કૃષ્ણ-કનૈયાના જયઘોષ જેવા કે 'નંદ ઘેર આનંદ ભયો... જય કનૈયા લાલકી...'' સાથે પિરામિડ બનાવી બાળ કાનુડા મલેક અમ્માર મહમંદહનીફ દ્વારા મટકી ફોડ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મલેક અમ્માર મહમંદહનીફે 'બાલકૃષ્ણ' બની ધાર્મિક એકતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતુ. આ ઉપરાંત રાસ-ગરબા રમતા તેમજ અબીલ ગુલાલ, ફૂલો ઉડાડીને સમગ્ર વાતાવરણને રંગમય બનાવ્યુ હતુ. આમ કૃષ્ણ જન્મ મહોત્સવને હર્ષોલ્લાસ અને હર્ષનાદના નારાઓ સાથે ઉજવ્યો હતો. કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા ભજન અને વ્યક્તવ્યો રજૂ કરવામાં આવ્યા હતા. અંતે શાળાના આચાર્યએ કૃષ્ણ જીવનના વિવિધ સ્વરૂપો પૈકી 'સખા' (મિત્ર)ની ભૂમિકા વિશે રસપ્રદ પ્રસંગો વર્ણવ્યા હતા. ત્યારબાદ ડી.જે.ના તાલે વિદ્યાર્થીઓ અને શિક્ષકો કૃષ્ણમય બની ઝૂમીને સમગ્ર કાર્યક્રમને સાચા અર્થમાં ઉજવણી કરવાનો પ્રયાસ કર્યો હતો.

# તલોદ કોલેજ સત્તા મંડળની ચૂંટણીના બ્યુગલ વાગ્યા

તલોદ, તા. ૨૨

ઉત્તર ગુજરાતની આબરૂદાર તલોદની આર્ટસ કોમર્સ અને સાયન્સ કોલેજના સત્તામંડળ શ્રી સી.ડી. પટેલ મહાવિદ્યામંડળના હોદ્દેદારોની ચૂંટણીના ભણકારા વાગી રહ્યા છે. જેથી મંડળમાં સત્તા મેળવવા કેટલાક લોકો હવાતીયા મારી રહ્યા છે. એટલે કોલેજની આબરૂને દાગ લાગે તેવું વાતાવરણ ઉભુ થયું છે. મંડળના પ્રમુખ તરીકે હિતેન્દ્રભાઈ ઉપાધ્યાય, ઉ. પ્રમુખ તરીકે મહેશભાઈ ઉપાધ્યાય, મંત્રી તરીકે દિનેશભાઈ શાન્તુભાઈ પટેલ (અશોકભાઈ) અને ખજાનચી તરીકે ક્વોલીટીવાળા અરવિંદભાઈ શાહ ઘણા વર્ષથી સારી સેવા આપી રહ્યા છે. તેમના હાથમાંથી સત્તા ખેંચી લેવાની મથામણો થઈ રહી છે. જેમાં કોર્ટ કચેરી સુધીના ખેલ થયા છે.

તલોદમાં આ માટે જાહેર પત્રિકાઓનું યુદ્ધ ચાલ્યુ છે. અત્યાર સુધી એક તરફી લખાતી પત્રિકાઓથી લોકો પણ વાંચીને કંટાળતા હતા. પણ સામે પક્ષેથી બે મહિનામાં દિનેશભાઈ પટેલે નામજોગ બહાર પાડેલ જાહેર પત્રિકાએ ઘણુ બધુ કહી દિધુ છે. તેમ કહીને તેમણે સત્તા માટે કોર્ટે ચઢેલા લોકોને ઉઘાડા પાડ્યા છે. જે પત્રિકા વાંચીને લોકો કહે છે કે આ ખરૂ કર્યું.

કોલેજના કર્મચારીઓને તથા દાતાઓને મેમ્બર નહી થવા દેવા વહિવટદારના ખભે બંદુક મુકીને કરાતા ધડાકાનું ચેરિટી કમિશનરે સુરસુરીયું કરી દિધું છે. વહિવટદારે પણ મંડળના હોદ્દેદારોને બાજુ પર રાખી કાકાનો ખોળો વધારે પસંદ કર્યો છે. એટલે ભવિષ્યમાં મોટી ઉથલપાથલ થશે અને ઢગલાબંધ પોપડા ઉખેડાશે તેમ દેખાય છે.

# ધરોઈ ડેમમાં ૧.૮૫ લાખ કયુસેક પાણીની આવક

રાજસ્થાનના ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે રવિવારે મધરાત્રે સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાની સરહદે આવેલા ધરોઈ ડેમમાં અંદાજે ૧.૮૫ લાખ કયુસેકની ઓચિંતી આવક થતાં તંત્ર દ્વારા ડેમના ૧૦ દરવાજા ખોલવામાં આવ્યા હતા. ઉપરાંત સાવચેતીના પગલારૂપે સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાના ૨૩ ગામોને હાઈએલર્ટ જાહેર કરાયા હતા. આ અંગે ધરોઈ જળાશય યોજનાના ડેપ્યુટી એન્જિનીયર ડી.બી.પટેલના જણાવાયા મુજબ રાજસ્થાનમાં પડેલા ધોધમાર વરસાદને કારણે તેનું પાણી રવિવારે રાત્રે સાબરમતીમાં આવતા પુર આવ્યુ હતું. એકાએક ૧.૮૫ લાખ કયુસેક પાણીની આવક થવાને કારણે ડેમ વિભાગ દ્વારા સોમવારે સવારે ભયજનક સપાટી ૬૧૮.૭૫ ફૂટને બદલે ૬૧૯.૦૫ ફૂટના લેવલે આવી ગઈ હતી. જેને લઈને ધરોઈ ડેમના ૧૨ પૈકી ૧૦ દરવાજા ખોલીને સાબરમતી નદીમાં ૫૪ હજાર કયુસેક પાણી છોડવામાં આવ્યુ હતું. વડાલી, ઈડર તાલુકાના તથા મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના મળી ૨૩ ગામોને હાઈએલર્ટ પર મુકી દેવામાં આવ્યા હતા અને ગ્રામજનોને નદી કિનારે ન જવા માટે કડક સુચના આપવામાં આવી હતી. તેમ છતાં અનેક લોકો નદી કિનારે પહોંચી ગયા હતા. ડેમના દરવાજા ખોલવાને કારણે ડેમની પાછળના ભાગે આવેલ વડાલી-ધરોઈનો માર્ગ ધોવાઈ જવા પામ્યો હતો.



નાગપાંચમ નિમિત્તે ગાંધીનગર જિલ્લાના ઉનાવા ગામે આવેલા સુપ્રસિદ્ધ ગોગાજી મહારાજના મંદિરે મેળાનું આયોજન કરાયું હતું. આ મેળામાં હજારો ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો અને નવનિયુક્ત ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ અને ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરે પણ ગોગાજી મંદિરની મુલાકાત લઈને દર્શનનો લ્હાવો મેળવ્યો હતો.

### સત્રનો આરંભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનામત આંદોલન, કાયદો અને વ્યવસ્થાને લઈને કોંગ્રેસ ભાજપ સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કરે તેવી શક્યતા છે. જીએસટી બિલને ગુજરાતમાં વહેલીતકે લાગુ કરવા ભાજપ સરકારે સત્રનું આયોજન કર્યું છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાત વિધાનસભાના નવા વરાયેલા અધ્યક્ષ રમણભાઈ વોરાએ શુભેચ્છાઆ પાઠવતાં સંસદીય પ્રણાલીમાં લોકશાહીના આ કિર્તિમંદિરના ઉચ્ચત્તમ મૂલ્યો જાળવી રાખવામાં તેમનું યોગદાન ઉત્કૃષ્ટ ગૌરવ બને તેવી શુભકામના આપી હતી. મુખ્યમંત્રીએ ૧૩મી ગુજરાત વિધાનસભાના નવમા સત્રના પ્રથમ દિવસની બેઠકમાં વિધાનગૃહમાં અધ્યક્ષ તરીકે નિયુક્તિ માટે રમણભાઈ વોરાના નામનો જે પ્રસ્તાવ રજુ કર્યો તેને વિરક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સહિત સૌ સભ્યોએ સર્વાનૂમતે સમર્થન કર્યું હતું. વિજય રૂપાણા, નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ, સંસદીય બાબતોના મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સાથે રમણભાઈ વોરાને અધ્યક્ષીય સ્થાન ગ્રહણ કરવા માટે માનભેર દોરી ગયા હતા. મુખ્યમંત્રીએ નવનિયુક્ત અધ્યક્ષ રમણભાઈ વોરા ક્રિયાશીલ જનપ્રતિનિધિ તરીકે સુદીર્ઘ કાર્યકાળ દરમ્યાન દલિતો-વંચિતો-શોષિતોની સદાય ચિંતા કરનારા જાગતિક પ્રતિનિધિ બની રહ્યા તેનો વિશેષ ઉલ્લેક કર્યો હતો. તેમણે નવનિયુક્ત અધ્યક્ષ વિધાનસભા ગૃહના સરળ સંચાલનમાં સત્તાપક્ષ વિપક્ષ બેયને સાથે રાખી લોકહિત પ્રજાહિતના કાર્યોને અગ્રતા આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, રમણભાઈના વિધાનગૃહના અધ્યક્ષ તરીકેના કાર્યકાળની ગુજરાતની લોકશાહીના ઈતિહાસમાં ઉમદા સેવાકાળ તરીકે નોંધ લેવાશે તેવું દાયિત્વ તેઓ નિભાવશે. વિધાનસભા ગૃહના અને મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૧૩મી ગુજરાત વિધાનસભાના નવમા સત્રના પ્રથમ દિવસે શોકદર્શક ઉલ્લેખોમાં ગૃહના દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. મુખ્યમંત્રીએ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના બ્રહ્મલીન થવા અંગે ભાવાંજલિ આપી હતી. તેમણે ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી દોલતભાઈ પરમાર, સ્વ. કાસીમુદ્દીન તીરમીઝી, ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. રાયસિંહ પરમાર, ગુજરાત રાજયના પૂર્વ નાયબ મંત્રી સ્વ. ઈન્દુભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. વિષ્ણુભાઈ પટેલ, સ્વ. ભીમસીભાઈ કરંગિયા અને સ્વ. ભૂરાભાઈ કડછાના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખોમાં આ દિવંગત સભ્યોને પણ શબ્દપૂષ્પ રૂપે શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

### પુસ્તકો પણ ઉપલબ્ધ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પુસ્તકોનુ વેચાણ પણ શરૂ કરવામાં આવ્યુ છે.

નગરની આગવી ઓળખ સમા દાંડી કુટીરનુ સંચાલન યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિને સોપવામાં આવ્યુ છે. વિભાગ દ્વારા જરૂરી સેવાની ઉપલબ્ધિ માટે એજન્સીને કામ સોંપવામાં આવ્યુ છે. જેમાં કાફેટેરીયા ઉપરાંત ગાંધીજીના જીવન ચરિત્ર અંગેના પુસ્તકોનુ વેચાણ પણ કરવામાં આવી રહયુ છે. જો કે હજુ પણ વધુ પુસ્તકોની વ્યવસ્થા કરવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. હાલ આ દાંડી કુટીરના પ્રદર્શનને નિહાળવા માટે દેશ વિદેશમાંથી ટીમ આવે છે. દેશના વિવિધ રાજયમાંથી અફસરો તેમજ રાજકીય આગેવાનો પણ દાંડી કુટીર નિહાળી દંગ રહી જાય છે. શાળાના વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં દાંડી કુટીર જોવા આવે છે. ગત તા ૮ જાન્યુઆરી ૨૦૧૫માં દાંડી કુટીરનુ કામ પુર્ણ કરવામાં આવ્યુ હતુ. ત્યારે સેન્ટ્રલી એસી તેમજ વિશ્વ કક્ષાના શ્રેષ્ઠ પ્રદર્શનને નિહાળી મુલાકાતીઓ દંગ રહી જાય છે.

### સ્ટેડબ્રિજનું કામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દાંડી કુટીર થી મહાત્મા મંદિરને જોડતા ભવ્ય બ્રિજનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. દાંડી કુટરીથી મહાત્મા મંદિરને જોડતા આ બ્રિજના નિર્માણ માટે રૂ ૩૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ બ્રિજની કામગીરી અન્વયે કેબલ ફીટીંગ માટે ચાઈનાથી ખાસ નિષ્ણાંતોની ટીમ આવી હતી. જયારે છેલ્લા ૮ મહીનાથી ખ-૪ થી ખ-૫ વચ્ચેનો માર્ગ પણ બ્લોક કરી દેવાયો છે. સલામતીના ભાગરૂપે ખ માર્ગ પર આ વિસ્તારમાં વાહનોની અવરજવર બંધ કરી દેવાયા બાદ હવે કેબલ સ્ટેડ બ્રિજનુ કામ પુર્ણ થતા આગામી સપ્ટેમ્બર મહીનામાં માર્ગ પણ ખુલ્લો કરી દેવાશે. નગરની આગવી ઓળખ સમાન આ બ્રિજનુ કામ પુર્ણતાના આરે છે. અલબત્ત આખરી ઓપ આપવાની ગતિવિધિઓ ચાલી રહી છે. ત્યારે આગામી સપ્ટેમ્બર મહીનામાં કામ પુર્ણ થયા બાદ બ્રિજનુ લોકાર્પણ પણ કરવામાં આવશે.

### સેમિનાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યુ છે. છેલ્લા ૯ વર્ષથી અટવાયેલા જી ટી એસના બંધારણીય સુધારાને ગત ૩ ઓગષ્ટના રોજ રાજયસભામાં સર્વાનુમતે પસાર કરવામાં સરકારને સફળતા મળી છે.સૌથી મોટા ટેકસ સુધારા દર્શાવતા ગુડસ એન્ડ સર્વિસીસ બંધારણીય સુધારણા બીલને ગત ૮ ઓગષ્ટના રોજ લોકસભામાં સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યુ હતુ. જેના લીધે ભારતના જી ડી પીમાં પણ સુધાર આવશે. જી એસ ટી થી કરચોરી તેમજ ઓછો ટેકસ ભરવાની વૃતિ પણ અટકશે જયારે બિઝનેસ ઓપરેશન્સ પણ સરળ બનશે. ગુજરાત વિધાનસભાના બે દિવસીય ચોમાસુ સત્ર દરમિયાન પણ જી એસ ટી ના વૈધાનિક પ્રસ્તાવ બાદ કાયદામાં સુધાર કરતા વિધેયકો પસાર કરવામાં આવશે. જી એસ ટી અંગે માર્ગદર્શન પુરુ પાડવા માટે કાયદાની વિસ્તૃત સમજ પુરી પાડવા સે-૧૫ ખાતે એક સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં પુર્વ નાણાંમંત્રી સૌરભ પટેલ, ઈનડારેકટ ટેકસ સલાહકાર મોનીસ ભલ્લા તેમજ ચાર્ટડ એકાઉન્ટન્ટ જોય બક્ષી જી એસ ટી ની અસરો તેમજ તેના મહત્વ અંગે માહીતી પુરી પાડશે. આ સેમિનારમાં ઉદ્યોગકારો ,વેપારીઓ અને વિદ્યાર્થીઓને ખાસ હાજર રહેવા માટે સમસ્ત વૈષ્ણવ પરિવારના પ્રમુખ જશવંત ગાંધીએ જણાવ્યુ છે.

### મંત્રણા જરૂરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળ્યું હતું. આ ગાળા દરમ્યાન વડાપ્રધાને કાશ્મીરમાં ઉભી થયેલી સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. સાથે સાથે સમસ્યાનો અંત લાવવા માટે વાતચીતની પણ તરફેણ કરી હતી. અંધાધૂંધીથી મોદીએ દુઃખ વ્યક્ત કરીને સમસ્યાને હાથ ધરવા માટે ખાતરી આપી હતી. મોદીએ કહ્યુ હતુ કે જે લોકોએ વર્તમાન અંધાધૂંધીમાં જાન ગુમાવી દીધી છે તે લોકો અમારા છે. અમારા દેશના છે. કોઈપણ એક યુવાનનું મોત થાય છે ત્યારે ખૂબ દુઃખ થાય છે. સુરક્ષા દળો સામે પણ પડકાર ઉભા થયા છે. મંત્રણા ખૂબ જરૂરી છે. કાયમી અને અંતિમ ઉકેલ શોધી કાઢવાની જરૂરીયાત ઉપર મોદીએ ભાર મુક્યો હતો. ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાના નેતૃત્વમાં વિરોધ પક્ષોના નેતાઓએ રાજ્યમાં સમસ્યાને હાથ ધરવા રાજકીય પહેલ કરવા મોદીને અપીલ કરી હતી. અબ્દુલ્લાએ મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે તેઓએ મોદીને કહ્યું છે કે કાશ્મીર વિકાસ અથવા વિકાસ નહીં કરવાના મામલા સાથે સંબંધિત નથી. આ એક રાજકીય મુદ્દો છે. જમ્મુ-કાશ્મીરમાં સ્થિતિને હાથ ધરવા માટે રાજકીય અભિગમ અપનાવવાની જરૂર છે.

### સ્થિતિ ગંભીર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચિંતાજનક રીતે વધી જતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. જેહાનાબાદ અને અરવલ જિલ્લામાં પુરના પાણી ફરી વળ્યા છે. લખનૌથી પ્રાપ્ત અહેવાલ મુજબ ઉત્તરપ્રદેશમાં પૂર્વીય ભાગોમાં પુરની સ્થિતિ ગંભીર બનેલી છે. ગંગા નદીમાં પાણીની સપાટી ચિંતાજનક રીતે વધી છે. જેથી ઘણા વિસ્તારો અલ્હાબાદ અને વારાણસીમાં પણ પુરના સકંજામાં આવી ગયા છે. ઉત્તરપ્રદેશના જુદા જુદા ભાગોમાં પુરની સ્થિતી ગંભીર હોવાના કારણે જનજીવન પર માઠી અસર થઈ છે. બુન્દેલખંડમાં સેંકડો કાચા મકાનો ધરાશાયી થઈ ગયા છે. એક દિવસમાં સેંકડો મકાન ધરાશાયી થઈ જતા લોકો ઘરવગરના થયા છે. બાન્દા જિલ્લાના કલવાનગંજમાં પાંચ લોકોના મોત થયા છે. ભારે વરસાદ હજુ પણ જારી છે.

બીજી બાજુ દહેરાદૂનથી પ્રાપ્ત અહેવાલ મુજબ ઉત્તરાખંડના પૌરી પ્રદેશમાં વાદળ ફાટવાની ઘટનામાં સાત લોકોના મોત થયા છે અને અન્ય કેટલાક લોકો ઘાયલ થયા છે. મૃત્યુ પામેલા તમામ લોકો એક જ પરિવારના હોવાનું જાણવા મળ્યું છે. ભારે વરસાદ બાદ ભેખડો ધસી પડવાના બનાવો પણ બન્યા છે. વાદળ ફાટકા પૌરી-શ્રીનગર હાઈવે બંધ રાખવામાં આવ્યો છે.

### ઘોડાપૂર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહી નદી ગાંડીતૂર બની છે. વડોદરા જિલ્લાના ૩૨ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. કડાણા ડેમમાંથી પાણી છોડાતા મહિ નદીના જળસ્તરમાં ઝડપથી વધારો થયો છે. ૩૨થી વધુ ગામને સાવચેતી રહેવાની સૂચના અપાઈ છે. ખેડા જિલ્લાને જોડતા ગળતેશ્વર પાસેનો બ્રિજ પાણીની ઝપટમાં આવતા વાહન વ્યવહારને બંધ કરવાની ફરજ પડી છે. હજુ બંધમાંથી તબક્કાવાર રીતે પાણી છોડવામાં આવનાર છે. જેથી મહી નદીની જળસપાટીમાં તબક્કાવાર રીતે વધારો થઈ રહ્યો છે. ઉકાઈ ડેમની જળસપાટી પણ ૩૩૫ સુધી પહોંચી ગઈ છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં પૂર્વ મધ્ય ગુજરાતમાં વરસાદ નોંધાયો છે. અમદાવાદ જિલ્લાના તાલુકાઓમાં પણ વરસાદ થયો છે. પંચમહાલ, ગોધરા, શહેરા, દાહોદ, દેવગઢબારીયા, લીમખેડા, ગરબડામાં વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાતમાં પણ નોંધપાત્ર વરસાદ થયો છે. પંચમહાલ, આણંદ, વડોદરા, સાબરકાંઠા જિલ્લાઓમાં એલર્ટની જાહેરાત કરાઈ છે. નર્મદાના કાંઠા વિસ્તારમાં ૨૩ ગામોને એલર્ટ કરાયા છે. વડોદરામાં સૌથી કફોડી હાલત બની છે. મહિસાગર નદીમાં પાણીની સપાટી વધી જતા વડોદરા નજીકના સીંધરોટ, ઉમેટા, ડપકા સહિતના ગામડાઓમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. એનડીઆરએફની છ ટીમો અને વડોદરા ફાયરની ત્રણ ટીમો ઘટના સ્થળે પહોંચી છે.

### વિચારયાત્રા

● ૪ પાનાનું ચાલુ...

અમારે બાળકને મોટો તીસમારખાં નથી બનાવવો, કોઈ સુધારક નથી કરવો. ભલે ખરાબ અને અનુચિત સિસ્ટમ હોય તેની સામે ઊભા થતા નહીં પણ તેને અનુસરતા શીખવજો. તેન મીઠું બોલવું શીખવજો. સત્ય બોલવાની ઘેલછામાં કારેલા જેવી જીભ હશે તો કયાંક સ્વીકાર્ય નહીં બને. તેને બટર-પોલિશ કેમ કરવી તે શીખવજો કે જેથી કરીને પાછળથી બૂટ-પોલિશ કરવાનો વારો ન આવે. હૃદયનો અવાજ, અંતરાત્માનો પોકાર મહેરબાની કરીને આવા બધાં ધકારા ન સમજાવતા આજે વ્યવહારિક જગતમાં આ બધું કોઈ મૂલ્ય નથી. અમે પેટે પાટા બાંધીને સંતાનોને ભણાવીએ છીએ. પરીક્ષામાં પાસ કરાવવા જાત-જાતના પ્રયત્નો કરીએ છીએ. તેનું ચારિત્ર્ય ઘડતર સારું કરીને ઉચ્ચ નૈતિક શિક્ષણ આપીને 'આદર્શ વ્યક્તિ' બનાવવા નથી માંગતા, અમારે તો તેને ડૉકટર અને એન્જિનિયર કે વકીલ બનાવવો છે. અને હા! છેલ્લી અને અગત્યની રીકવેસ્ટ તમારી ફીના ઈન્સ્ટોલમેન્ટ તમને મળતા રહેશે. આથી હવેથી મારું સંતાન તમારે હવાલે છે, વારંવાર તેની ફરિયાદ લઈને આખું વરસ હેરાન ન કરતા.

- jayuoza@gmail.com,
Mo. 9898046488